# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

**અભ્યાસક્રમ** : બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ **(BLIS)** **Numerical Code: 0003**
નોંધણી નંબર : ______
**પાઠયક્રમ** : ગ્રંથાલય અને સમાજ **(BLIS-01)** **Numerical Code: 0084**
**તારીખ** : **10/07/2016**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના જવાબ આપો.
(2) પ્રશ્નોના જવાબ લખતાં પહેલા પ્રશ્નનો ક્રમનંબર અવશ્ય લખવો.
(3) બધાજ પ્રશ્નોના ગુણ સરખા છે.
(4) જરૂર પડયે આકૃતિ દોરવી જવાબની સામે યોગ્ય ક્રમાંક લખવો. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** ગ્રંથાલય વિજ્ઞાનના પાંચસૂત્રો દર્શાવી બીજા અને ચોથા સૂત્ર ને સાર્થક કરવા માટે ના સૂચિતાર્થો ની ચર્ચા કરો. **(12)**

**અથવા**

આધુનિક ભારતમાં ગ્રંથાલય વિકાસ, યોજનાઓ અને કાર્યક્રમો ની ચર્ચા કરો.

**પ્રશ્ન-2** વિવિધ પ્રકારના ગ્રંથાલયોના પ્રકાર દર્શાવો, વિશ્વ વિદ્યાલય ગ્રંથાલયે, વિશ્વ વિદ્યાલયના હેતુઓની પૂર્તિ માટે હેતુઓ કાર્યો અને સેવાઓનું આયોજન કરવું જોઈએ. વિધાન ની ચર્ચા કરો. **(12)**

**અથવા**

રાષ્ટ્રીય ગ્રંથાલયની વ્યાખ્યા આપી ભારતનું રાષ્ટ્રીય ગ્રંથાલય, રાષ્ટ્રીય ગ્રંથાલયના કાર્યો અને સેવાઓ આપવા કેટલેક અંશે સફળ થયેલ છે. તેની ચર્ચા કરો.

**પ્રશ્ન-3** ભારતના જે રાજ્યોમાં સાર્વજનિક ગ્રંથાલય ધારા અમલી બન્યા છે તે રાજ્યોના ગ્રંથાલય ધારામાં નાણાકીય સ્રોતનું વર્ણન કરો. **(12)**

**અથવા**

ઉપભોકતા શિક્ષણ એટલે શું? ઉપભોકતા શિક્ષણ કાર્યક્રમો ના મૂલ્યાંકન વિશે નોંધ તૈયાર કરો.

**પ્રશ્ન-4** રાજારામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશનના વ્યાપક હેતુઓ જણાવી તેના કાર્યક્રમો અને સહાયક યોજનાઓ વિષે ચર્ચા કરો. **(12)**

**અથવા**

ગ્રંથાલય અને માહિતી પ્રવૃત્તિઓના વિકાસમાં યુ.જી.સી ના પ્રયત્નો ની વિગતે ચર્ચા કરો.

**પ્રશ્ન-5** ટૂંકનોંધ લખો. (ગમે તે બે) **(12)**

1. જાહેર ગ્રંથાલયો અને યુનેસ્કો
2. ઇન્ફ્લીબનેટ
3. સ્રોત સામગ્રી ની હિસ્સેદારી
4. સાર્વજનિક ગ્રંથાલય
5. નમૂનારૂપ ગ્રંથાલય ધારાઓ

**પ્રશ્ન-6 નીચેના દશ પ્રશ્નોના સાચા જવાબ આપેલ વિકલ્પોમાંથી શોધી કાઢો.** **(10)**

1 સૌ પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય ધારો નીચેના પૈકી કયા દેશમાં પસાર થયો?

(A) ગ્રેટ બ્રિટન (B) સંયુક્ત રાજ્ય અમેરિકા (C) કેનેડા (D) આ ત્રણ સિવાયનો દેશ છે.

2 યુનિવર્સિટી શિક્ષણ પંચ ના અધ્યક્ષ કોણ હતા?

(A) ડૉ.ડી.એસ.કોઠારી (B) ડૉ.સી.ડી.દેશમુખ

(C) ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન (D) ડૉ.ડી.પી.ચટ્ટોપાધ્યાય

3 સિંહા કમિટી કયા પ્રકારના ગ્રંથાલયોના વિકાસ માટે રચવામાં આવી હતી?

(A) શાળા ગ્રંથાલયો માટે (B) તમામ પ્રકારના શૈક્ષણિક ગ્રંથાલયો માટે

(C) વિશ્વવિદ્યાલયોના ગ્રંથાલયો માટે (D) સાર્વજનિક ગ્રંથાલયો માટે

4 સ્વતંત્ર ભારતના રાષ્ટ્રીય ગ્રંથાલયના પ્રથમ ગ્રંથપાલ નું નામ શોધી કાઢો.

(A) ડૉ.એસ.આર.રંગનાથન (B) ડૉ.પી.એન.કૌલા

(C) શ્રી બી.એસ.કેશવન (D) ડૉ.પી.બી.મંગલા

5 સ્વતંત્ર ભારતમાં માધ્યમિક શિક્ષણ સુધારણા માટે નીચેના વર્ષો પૈકી કયા વર્ષમાં માધ્યમિક શિક્ષણ આયોગ ની રચના કરવામાં આવી?

(A) ૧૯૪૮ (B) ૧૯૫૨-૫૩ (C) ૧૯૬૪-૬૫ (D) ૧૯૭૬

6 INSDOC ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી?

(A) ૧૯૫૭ (B) ૧૯૫૨

(C) ૧૯૬૬ (D) ૧૯૫૯

7 ભારતમાં વિશિષ્ટ ગ્રંથાલયો તથા તેને સંલગ્ન માહિતી કેન્દ્રોનો વિકાસ કોને આભારી છે?

(A) NISSAT કાર્યક્રમ (B) AICTE ની સ્થાપના (C) UGC (D) IASLIC

8 ભારતમાં શૈક્ષણિક ગ્રંથાલયોના વિકાસ અને માહિતી સ્રોતના વિકાસ માટે યોજાયેલ કાર્યજૂથ ના વડા કોણ હતા?

(A) ડૉ.યશપાલ (B) ડૉ.રસ્તોગી

(C) ડૉ.એન.શેષાગીરી (D) ડૉ.ડી.એ.મૂર્તિ

9 ભારતમાં સૌ પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય ધારો કયા રાજ્ય માં પસાર થયો હતો?

(A) આંધ્રપ્રદેશ

(B) મુંબઈ

(C) કર્ણાટક

(D) તામિલનાડુ

10 IFLA ની સ્થાપના કયા વર્ષ માં કરવામાં આવી?

(A) ૧૯૫૩ (B) ૧૯૨૯ (C) ૧૯૪૫ (D) ૧૯૭૧

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

**અભ્યાસક્રમ** : બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ **(BLIS)** **Numerical Code: 0003**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગ્રંથાલય સંચાલન **(BLIS-02)** **Numerical Code: 0085**

**તારીખ** : **11/07/2016**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના જવાબ આપો.

(2) પ્રશ્નોના જવાબ લખતાં પહેલા પ્રશ્નનો ક્રમનંબર અવશ્ય લખવો. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** સંચાલનની વ્યાખ્યા આપી, સંચાલકીય પાંચ મૂળભૂત કાર્યોની વિગતવાર ચર્ચા કરો. (12)

**અથવા**

સંપૂર્ણ ગુણવત્તા સંચાલન (TQM) વિશે સમજાવી, તેના મુખ્ય તત્વો વિશે ચર્ચા કરો.

**પ્રશ્ન-2** પ્રલેખીય અને બિનપ્રલેખીય માહિતી સ્રોતો વિષે જણાવી અને પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય કક્ષાના પ્રલેખો વિશે વિસ્તૃતમાં લખો. (12)

**અથવા**

ગ્રંથાલયમાં નાણાકીય અંદાજ માટેના મહત્વપૂર્ણ આધારો જણાવી અને નાણાકીય અંદાજ માટેની પદ્ધતિઓ વિશે જણાવો.

**પ્રશ્ન-3** ગ્રંથાલયના પરિક્રમણ વિભાગમાં થતાં કાર્યો વિશે લખો. (12)

**અથવા**

નવા ગ્રંથાલય ભવનની સ્થાપનાની યોજના બનાવતી વખતે ધ્યાનમાં રાખવામાં આવતા નિર્દેશક સિદ્ધાંતો વિશે વર્ણવો.

**પ્રશ્ન-4** સામયિક નોંધણી માટેની ચાર પદ્ધતિઓ વિશે વિગતે ચર્ચા કરો. (12)

**અથવા**

કર્મચારી આયોજન શું છે? કર્મચારી આયોજન સાથે સબંધિત વિવિધ તત્વોને વિસ્તારથી સમજાવો.

**પ્રશ્ન-5** ટૂંકનોંધ લખો (ગમે તે બે) (12)

1. ગ્રંથભંડારની જાળવણી
2. ગ્રંથાલય અંદાજપત્ર
3. સંદર્ભ ગ્રંથો
4. માહિતી પદ્ધતિ સંચાલનના લાભો
5. પ્રલેખ પ્રાપ્તિ માટેના સાધનો

**પ્રશ્ન-6 નીચે આપેલ બહુવિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.** (10)

| | |
|---|---|
| 1 | પ્રલેખ સૂચિકરણનું કાર્ય ગ્રંથાલયના કયા વિભાગમાં થાય છે?<br>(A) સામયિક વિભાગ (B) પ્રાપ્ત વિભાગ (C) ટેકનિકલ વિભાગ (D) હિસાબી વિભાગ |
| 2 | બ્રાઉન દેય પદ્ધતિ કોણે વિકસાવેલ?<br>(A) નીના ઈ. બ્રાઉન (B) ચાર્લ્સ. આર. બ્રાઉન<br>(C) સી. આઈ. બ્રાઉન (D) એલ.આર. બ્રાઉન |

| | |
|---|---|
| 3 | શૂન્ય આધારિત અંદાજપત્ર પદ્ધતિ કોના દ્વારા વિકસાવવામાં આવેલ?<br>(A) હેન્રી ફેયોલ (B) પીટર ફ્રાયર<br>(C) એફ. ડબલ્યુ. ટેલર (D) એલ્ટન મેયો |
| 4 | BNB નું પૂરું નામ શું છે?<br>(A) British National Bibliography (B) British National Biography<br>(C) British National Book (D) British National Board |
| 5 | કયા પ્રલેખોનો સમાવેશ દ્વિતીય કક્ષાના પ્રલેખોમાં થતો નથી?<br>(A) પ્રગતિ અહેવાલો (B) સંદર્ભ અહેવાલો (C) વાઙ્મય સૂચિઓ (D) વાર્ષિકીઓ |
| 6 | નીચેમાંથી આયોજન, સંગઠન, કર્મચારી ગણ, નિર્દેશન, સમન્વય અને નિયંત્રણએ કેવા કાર્યો છે?<br>(A) રચનાત્મક (B) સંચાલકીય<br>(C) પ્રાથમિક (D) હિસાબી |
| 7 | 'દરેક વાચકને તેનું પુસ્તક મળે' એ નિયમ કોના દ્વારા આપવામાં આવેલ છે?<br>(A) એલ. આર. મેકોલ્વીન (B) મેલ્વીન ડ્યૂઈ (C) ડૉ. એસ. આર. રંગનાથન (D) હેન્રી ફેયોલ |
| 8 | સામયિકોની પસંદગી માટે ઉપયોગી સ્રોત કયો?<br>(A) Ulrich's International Periodicals (B) Directory of Periodicals Published in India<br>(C) Guide to Reference Material (D) Aslib Publishing Catalogue |
| 9 | કઈ સામગ્રીનો સમાવેશ અગ્રંથ સામગ્રીમાં થતો નથી?<br>(A) સીડી-રોમ (B) સ્લાઈડ (C) ટેપ (D) પંચાંગ |
| 10 | ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન એ વર્ગીકરણની કેવા પ્રકારની પદ્ધતિ છે?<br>(A) મુખકીય (B) ગણનાક્ષમ (C) વિતરક (D) સૈદ્ધાંતિક |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

**અભ્યાસક્રમ** : બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ **(BLIS)** **Numerical Code: 0003**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત **(BLIS-03)** **Numerical Code: 0086**

**તારીખ** : **12/07/2016**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના જવાબ આપો.

(2) પ્રશ્નોના જવાબ લખતાં પહેલા પ્રશ્નનો ક્રમનંબર અવશ્ય લખો. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** વર્ગીકરણનો અર્થ આપી તેના પ્રકારો અને પદ્ધતિઓની ચર્ચા કરો. **(12)**

**અથવા**

પ્રલેખો પ્રત્યે વાચકોના અભિગમની ચર્ચા કરી, ગ્રંથાલયમાં પ્રલેખોની ગોઠવણી માટેના નિર્ધારિત ઘટકોની ચર્ચા કરો.

**પ્રશ્ન-2** સંજ્ઞા એટલે શું ? ડયુઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિ અને દ્વિબિંદુ વર્ગીકરણ પદ્ધતિમાં ઉપયોગમાં લેવાયેલ સંજ્ઞાને ઉદાહરણ સહિત સમજાવો. **(12)**

**અથવા**

ગ્રંથાલય વર્ગીકારના સિદ્ધાંતોમાં યોગદાન આપનાર વિદ્વાનોના નામ દર્શાવી ડૉ. એસ.આર.રંગનાથનના સિદ્ધાંતોની ચર્ચા કરો.

**પ્રશ્ન-3** કોલન ક્લાસિફિકેશનમાં પ્રયોજવામાં આવેલી વિવિધ યુક્તિઓના નામ આપી કોઈ પણ બે યુક્તિઓ વિશે ઉદાહરણ સહિત સમાજાવો. **(12)**

**અથવા**

ડયુઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિની વિકાસ રેખા આલેખી તેના લક્ષણો જણાવો.

**પ્રશ્ન-4** ડૉ.એસ.આર.રંગનાથનનીપંચ મૂળભૂત શ્રેણીઓ સદ્રષ્ટાંત સમજાવો. **(12)**

**અથવા**

ગ્રંથાલય વર્ગીકરણના વિકાસમાં આંતરરાષ્ટ્રીય પરિસંવાદોની ભૂમિકા સમજાવો.

**પ્રશ્ન-5** કોઈ પણ વિષે ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (12)

1) સાપેક્ષ સૂચિ

2) કોલન ક્લાસિફિકેશન પદ્ધતિનો ઉદ્દભવ

3) યુ.ડી.સી.માં સામાન્ય પૃથકો

4) ડયુઈ ડેસીમલ ક્લાસિફિકેશનની સારણીઓ (Tables)

5) વિશ્વના પ્રકારો

**પ્રશ્ન-6 નીચે આપેલા કુલ દશ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો ઉત્તર પસંદ કરો.** **(10)**

| | |
|---|---|
| 1 | ગ્રંથાલય વર્ગીકરણ એ __________ વર્ષ જૂની શૈક્ષણિક વિદ્યાશાખા છે.<br>(A) 110 (B) 80 (C) 125 (D) 150 |
| 2 | "પ્રોલોગ્રોમેના ટુ લાયબ્રેરી ક્લાસિફિકેશન" પુસ્તકની પ્રથમ આવૃત્તિ કયા વર્ષમાં પ્રકાશિત થઈ હતી.<br>(A) 1937 (B) 1938 (C) 1947 (D) આમાંથી કોઈ પણ નહિ |

| | |
|---|---|
| 3 | આધુનિક ગ્રંથાલયના વર્ગીકરણના જન્મદાતા __________ને માનવામાં આવે છે.<br>(A) રીટા માર્સેલ (B) ડૉ.એસ.આર.રંગનાથન (C) બર્વિક સેયર્સ (D) માર્ગરેટ માન |
| 4 | ગ્રંથાલય વર્ગીકરણના પ્રથમ વ્યાકરણશાસ્ત્રી _________ને કહેવામાં આવે છે.<br>(A) ઈ.સી.રિચાર્ડસન (B) ઈ.ડબલ્યુ હ્યુમ (C) ડબલ્યુ સી.બી.સેયર્સ (D) ડૉ.એસ.આર.રંગનાથન |
| 5 | ડૉ.એસ.આર.રંગનાથને વર્ગીકરણના ૪૩ ઉપસૂત્રો આપ્યા તેમાં વૈચારિક સ્તરના ________ ઉપસૂત્રો હતા.<br>(A) 24 (B) 15 (C) 04 (D) 14 |
| 6 | ધી ડી.ડી.સી ની ૨૧ મી આવૃત્તિ જુલાઈ _________માં સૌ પ્રથમવાર મુદ્રિત અને સી.ડી.રોમ સ્વરૂપે પ્રકાશિત થઈ.<br>(A) 1991 (B) 1996 (C) 1994 (D) 1985 |
| 7 | યુ.ડી.સી. એ માત્ર ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિ નથી એના નામને સાર્થક કરતી તે _______ પદ્ધતિ છે.<br>(A) પૃથક્કરણીય (B) મુખકીય (C) વાડ્મયસૂચિ વર્ગીકરણ (D) વૈશ્વિક |
| 8 | કોલન ક્લાસિફિકેશનની ચોથી આવૃત્તિ ઈ.સ.__________માં પ્રગટ થઈ.<br>(A) 1950 (B) 1957<br>(C) 1952 (D) 1960 |
| 9 | કોલન ક્લાસિફિકેશન પુસ્તક _________ લેખક દ્વારા લખવામાં આવેલ છે.<br>(A) બર્વિક સેયર્સ (B) ડૉ.એસ.આર.રંગનાથન (C) હેનરી લા ફોનટેન (D) મેલ્વિન ડ્યુઈ |
| 10 | FID/ CR ના વર્તમાન અધ્યક્ષ કોણ છે. ?<br>(A) એચ.ઈ.બ્લિસ (B) ડૉ.એલ.સી.મેકઈલવેઈન<br>(C) જે.મિલ્સ (D) ડૉ.ફૂગમેન |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સંત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

**અભ્યાસક્રમ** : બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ **(BLIS)** **Numerical Code: 0003**

નોંધણી નંબર : __________

**પાઠયક્રમ** : ગ્રંથાલય સૂચિકરણ સિદ્ધાંત **(BLIS-04)** **Numerical Code: 0088**

**તારીખ** : **13/07/2016**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના જવાબ આપો.
(2) પ્રશ્નોના જવાબ સમર્થન માટે યોગ્ય ઉદાહરણ આપવા સાથે જરૂરિયાત મુજબ આકૃતિનો ઉપયોગ પણ કરો.

**કુલ ગુણ : 70**

---

પ્રશ્ન-1 ગ્રંથાલયસૂચિની વ્યાખ્યા આપી તેના હેતુઓ અને ઉદ્દેશો જણાવો. **(12)**

અથવા

ગ્રંથાલય વિજ્ઞાનના પાંચ સૂત્રોના સંદર્ભમાં ગ્રંથાલયસૂચીનું મહત્વ સ્પષ્ટ કરો.

પ્રશ્ન-2 ગ્રંથાલયસૂચીના ભૌતિક સ્વરૂપો જણાવી, પત્રક સ્વરૂપ (Card Form)સૂચિના લાભો અને ગેરલાભો વિશે ચર્ચા કરો. **(12)**

અથવા

ગ્રંથાલયસૂચીના આંતરિક સ્વરૂપો જણાવી, અનુવર્ણ અને અનુવર્ગસૂચી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

પ્રશ્ન-3 AACR-2R અનુસારના મુખ્ય સંલેખના ભાગોની વિસ્તૃત ચર્ચા કરો. **(12)**

અથવા

કેન્દ્રીય અને સરકારી સૂચીકરણની સમજ આપી, બંને વચ્ચેના તફાવત સ્પષ્ટ કરો.

પ્રશ્ન-4 શબ્દભંડોળ નિયંત્રણ એટલે શું? તેની જરૂરિયાત અને ઉદ્દેશો જણાવો. **(12)**

અથવા

સાંકળ પદ્ધતિ(Chain Procedure) એટલે શું? ઉદાહરણ સહિત સમજાવો.

પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો (ગમે તે બે) **(12)**

1. 'જુઓ' અને 'વળી જુઓ' સંલેખ
2. વિષય નિર્દેશીકરણ પદ્ધતિનું નિયમન કરતા ઘટકો
3. વર્ગીકરણ અને સૂચીકરણ: અન્યોન્ય પૂરક
4. આલેખ વિભાગ
5. એકરૂપ આખ્યા

પ્રશ્ન-6 બહુવિકલ્પ આધારિત પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ શોધી, સાચા જવાબ સામે ખરાની નિશાની કરો. **(10)**

| | |
|---|---|
| 1 | કેટલોગ(Catalogue) પદની વ્યુત્પત્તિ કઈ ભાષામાંથી થઇ છે?<br>(A) લેટીન (B) ઇટાલિયન (C) ગ્રીક (D) અંગ્રેજી |
| 2 | ક્લાસિફાઇડ કેટલોગ કોડની પ્રથમ આવૃત્તિ કયા વર્ષમાં પ્રકાશિત થઇ હતી?<br>(A) 1931 (B) 1932 (C) 1934 (D) 1933 |

| | |
|---|---|
| 3 | એંગ્લો - અમેરિકન કેટલોગિંગ રૂલ્સની સુધારેલી બીજી આવૃત્તિ કયા વર્ષમાં પ્રકાશિત થઇ હતી?<br>(A) 1988 (B) 1987 (C) 1986 (D) 1985 |
| 4 | કર્તા સંલેખો અને કર્તા વિષયક સંલેખોને એક જ વર્ણાનુક્રમમાં ગોઠવતી ગ્રંથાલયસૂચી તે__________<br>(A) કર્તાસૂચી (B) કર્તા ગ્રંથનામસૂચી (C) નામસૂચી (D) અનુવર્ણસૂચી |
| 5 | સૂચીપત્રકનું પ્રમાણિત માપ શું છે?<br>(A) 10 x 8 cm (B) 12 x 5 cm (C) 5 x 3 cm (D) 12.5 x 7.5 cm |
| 6 | ક્લાસીફાઇડ કેટલોગ કોડ(CCC) ના રચયિતા?<br>(A) જી.ભટ્ટાચાર્ય (B) એ.નીલમેદાન (C) ડૉ.એસ.આર.રંગનાથન (D) પી.એસ.કૌલા |
| 7 | ચાર કર્તાની કૃતિ હોય ત્યારે AACR-2R અનુસાર મુખ્ય સંલેખમાં અગ્રરેખા ઉપર શું દર્શાવવામાં આવે છે?<br>(A) પ્રથમ કર્તા (B) તૃતીય કર્તા (C) દ્વિતીય કર્તા (D) ગ્રંથ નામ |
| 8 | CCC અનુસાર ગ્રંથના મુખ્ય સંલેખમાં અગ્રરેખા ઉપર શું દર્શાવવામાં આવે છે?<br>(A) સ્થાનાંક (B) ગ્રંથાંક (C) વર્ગાંક (D) સંગ્રહાંક |
| 9 | ‘મુદ્રણ પૂર્વેનું સૂચીકરણ’ ની વિચારધારા સૌ પ્રથમ કોના દ્વારા રજૂ કરવામાં આવી?<br>(A) લાયબ્રેરી ઓફ કોંગ્રેસ (B) એ.એલ.એ (C) ડૉ.સી.પી.શુક્લ (D) ડૉ.એસ.આર.રંગનાથન |
| 10 | ISBN માં નંબર કેટલા અંકોમાં હોય છે?<br>(A) છ (B) આઠ (C) દસ (D) બાર |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

**અભ્યાસક્રમ** : બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ **(BLIS)** **Numerical Code: 0003**

નોંધણી નંબર : __________

**પાઠયક્રમ** : સંદર્ભ અને માહિતી સ્ત્રોતો **(BLIS-05)** **Numerical Code: 0090**

**તારીખ** : **14/07/2016**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના જવાબ આપો.
(2) બધાજ પ્રશ્નોના ગુણ સરખા છે.
(3) જરૂર પડયે આકૃત્તિ દોરવી જવાબની સામે યોગ્ય ક્રમાંક લખવો. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** સંદર્ભ સ્ત્રોતો એટલે શું? સામાન્ય ગ્રંથથી સમાન્ય સ્ત્રોતો કઈ રીતે અલગ પડે છે તે દર્શાવી સંદર્ભ અને માહિતી મેળવવાના સાધનોની ચર્ચા કરો. **(14)**

**અથવા**

સંદર્ભ સ્ત્રોતોની વ્યાખ્યા આપી તેની જરૂરિયાત જણાવી સંદર્ભ સ્ત્રોતોનાં પ્રકારો જણાવો.

**પ્રશ્ન-2** વિશ્વકોશ એટલે શું? વિશ્વકોશના પ્રકારો જણાવી કોઈપણ એક વિશ્વકોશ વિશે વિગતે ચર્ચા કરો. **(14)**

**અથવા**

વાડમયસૂચિની વ્યાખ્યા આપી વર્તમાન સમયનાં સંદર્ભમાં વાડમયસૂચિની જરૂરિયાત દર્શાવી તેના પ્રકારો વિશે ચર્ચા કરો.

**પ્રશ્ન-3** સંદર્ભ સ્ત્રોતોની વ્યાખ્યા આપી સંદર્ભ સ્ત્રોતોનાં મૂલ્યાંકનના માપદંડોની ચર્ચા કરો. **(14)**

**અથવા**

ભૌગોલિક સ્ત્રોતો એટલે શું? ભૌગોલિક સ્ત્રોતોનાં પ્રકાર દર્શાવી કોઈપણ એક સ્ત્રોતના મૂલ્યાંકનના માપદંડો સાથે ચર્ચા કરો.

**પ્રશ્ન-4** આંકડાકીય માહિતી સ્ત્રોતો શિક્ષણ અને સંશોધનમાં આ સ્ત્રોતોની મહત્વતા જણાવી તેના પ્રકારોની ચર્ચા કરો. **(14)**

**અથવા**

જીવનચરિત્રાત્મક કોશોની વ્યાખ્યા આપી જીવનચરિત્રાત્મક કોશોના મૂલ્યાંકનના માપદંડોની ચર્ચા કરો.

**પ્રશ્ન-5** નીચેની પ્રત્યેક શ્રેણીઓમાંથી ઓછા માં ઓછા ત્રણ પ્રશ્નોની પસંદગી કરી કુલ – 14 પ્રશ્નોના ઉત્તર આપો. **(14)**

**(અ)** **નીચે જણાવેલ સંદર્ભ સ્ત્રોતોમાંથી કયા પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે તે જણાવો.**

1. The Statesman year book
2. Encyclopedia Britanica
3. ગુજરાતી વિશ્વકોશ
4. Russian- English Dictionary
5. University Handbook

**(બ) નીચે દર્શાવેલ સંદર્ભ ગ્રંથની કક્ષાને અનુરૂપ એક સંદર્ભ સ્ત્રોતનું નામ આપો.**

1. વિષયલક્ષી શબ્દકોશ
2. જીવનચરિત્રાત્મક સ્ત્રોતો
3. ભૌગોલિકસ્ત્રોતો
4. વિષયલક્ષી વિશ્વકોશ

**(ક) નીચે આપેલ સંદર્ભ સ્ત્રોતોનો વ્યાપ જણાવો.**

1. Books in print
2. Whitaker's Almanac
3. Manorama year book
4. World of Learning

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સંત્રાત પરીક્ષા જુલાઈ - 2016

**અભ્યાસક્રમ** : બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ **(BLIS)** **Numerical Code: 0003**

નોંધણી નંબર : __________

**પાઠયક્રમ** : માહિતી સેવાઓ **(BLIS-06)** **Numerical Code: 0091**

**તારીખ** : **15/07/2016**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના જવાબ આપો.

(2) પ્રશ્નોના જવાબ લખતાં પહેલા પ્રશ્નનો ક્રમનંબર અવશ્ય લખવો.

(3) બધાજ પ્રશ્નોના ગુણ સરખા છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્ન-1 માહિતી સ્રોત, માહિતી સંસાધનો અને માહિતી સેવાઓ વિશે ચર્ચા કરી માહિતી સેવાઓ દર્શાવી પસંદગી યુક્ત માહિતી સેવા સમજાવો. (12)

અથવા

માહિતી સર્જનની પ્રક્રિયા વર્ણવી વિવિધ પ્રકારની માહિતીનું સર્જન કરતી સંસ્થાઓ કેવા પ્રકારની માહિતીનું સર્જન કરે છે તેની વિગતો આપો. માહિતીનો ઉપયોગ કરનાર વિવિધ જૂથો દર્શાવી તેમના દ્વારા કયા હેતુ અનુસર માહિતીનો ઉપયોગ થાય છે. તે દર્શાવો.

પ્રશ્ન-2 ભારતમાં પ્રલેખન અને માહિતી કેન્દ્રોની વૃધ્ધિ અને વિકાસની સવિસ્તાર ચર્ચા કરો. (12)

અથવા

માહિતી પ્રાપ્તિની સુવિધા પૂરી પાડનાર કેન્દ્રોની સવિસ્તાર ચર્ચા કરો.

પ્રશ્ન-3 પ્રલેખ રવાનગી સેવા એટલે શું? તેના ઉદ્દેશો અને કાર્યક્ષમતા વિશે ચર્ચા કરો. (12)

અથવા

કમ્પ્યુટર ડેટાબેઝ આધારિત માહિતી સેવાઓ ઉદાહરણ સહિત વિસ્તાર પૂર્વક ચર્ચા કરો.

પ્રશ્ન-4 કોઈપણ મોટા ગ્રંથાલયમાં સંદર્ભ વિભાગનું આયોજન કઈ રીતે કરવામાં આવે છે. તેની વિસ્તૃત ચર્ચા કરો. (12)

અથવા

વિશ્વ વિદ્યાલય ગ્રંથાલયમાં સંદર્ભ વિભાગનું આયોજન કઈ રીતે કરવામાં આવે છે તેની ચર્ચા કરો.

પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો (ગમે તે બે) (12)

1. અદ્યતન અવબોધન સેવા
2. મૂલ્ય વર્ધિત માહિતી સેવાઓ
3. અનુવાદ કેન્દ્રોની આવશ્યકતા
4. માહિતી જરૂરિયાતની ચકાસણી
5. દૂર પ્રત્યાયન ટેકનોલોજીની માહિતી સેવાઓ ઉપર અસર

પ્રશ્ન-6 નીચે આપેલ પ્રશ્નોનો સાચો જવાબ આપેલ વિકલ્પોમાંથી શોધી કાઢો. (10)

| | |
|---|---|
| 1 | ઘણીવાર દેશની પ્રગતિનો અંદાજ નીચેના પૈકી કયા વિકલ્પને આધારે નક્કી કરવામાં આવે છે?<br>(A) દેશમાં સાક્ષરતાના પ્રમાણ દ્વારા આવક<br>(B) સંશોધન અને વિકાસ માટે રાષ્ટ્રીય આવકના કેટલા ટકા ફાળવવામાં આવે છે<br>(C) સંશોધન અને વિકાસ ક્ષેત્રે કેટલી સંસ્થાઓ કાર્યરત છે.<br>(D) સંશોધન અને વિકાસના ક્ષેત્રોમાં વિજ્ઞાનનું પ્રદાન કેટલું છે. |
| 2 | મેડલર્સ (MEDLARS) નામનો ડેટાબેઝ કઈ સંસ્થાએ વિકસાવ્યો છે?<br>(A) Indian Institute of medical science (B) World medical Information system<br>(C) National Medical Library, UK (D) National Library of Medicine |
| 3 | પસંદગી યુક્ત માહિતી પ્રસાર સેવાની શરૂઆત કોણે કરી?<br>(A) કેલ્વીન મૂર્સ (B) ફ્રાન્સ પીટર લ્યુહન (C) ડૉ.એસ.આર.રંગનાથન (D) INSDOC |
| 4 | દીર્ઘકાલીન સંદર્ભ સેવા આપવા માટેનું પ્રથમ ચરણ નીચેના પૈકી કયું છે?<br>(A) સંદર્ભ મુલાકાત (B) ત્વરિત સંદર્ભ સેવા માટેના ગ્રંથોનો ઉપયોગ<br>(C) પ્રશ્નનો વિષય નક્કી કરવો (D) ઉપયોગી પ્રલેખાની યાદી બનાવવી |
| 5 | CARI (Current Agricultural Information system) એ નીચેના પૈકી કઈ અદ્યતન અવબોધન સેવા આપે છે?<br>(A) વર્તમાન પત્ર ક્લીપીંગ (B) સંશોધન અહેવાલ રીવ્યુ<br>(C) સંશોધનમાં પ્રગતિ બુલેટીન (D) Current Content Pages |
| 6 | એડોનીસ(ADONIS) એ______વિષયના જર્નલના પ્રકાશકોનો સંઘ છે.<br>(A) રસાયણ શાસ્ત્ર (B) વિજાણું શાસ્ત્ર (C) મનોવિજ્ઞાન (D) બાયો મેડીકલ |
| 7 | ________ની સહાયથી ભારતમાં ઈ.સ.1952 માં ન્યુ દિલ્હી ખાતે ઇન્સડોકની શરૂઆત થઇ હતી.<br>(A) નાસા (B) યુનેસ્કો (C) યુનિસેફ (D) યુ.કે ગવર્નમેંટ |
| 8 | માહિતી પૃથ્થકરણ કેન્દ્રો માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે.<br>(A) આ કેન્દ્રો માત્ર કોઈ એક વિશિષ્ટ વિષય ક્ષેત્રમાં કામ કરે છે.<br>(B) આ કેન્દ્રો માત્ર આંકડાકીય માહિતીઓનું રીપેકેજીંગ કરે છે.<br>(C) આ કેન્દ્રો માત્ર માહિતીનું સંક્ષેપ્તિકરણ કરે છે.<br>(D) આ કેન્દ્રો માત્ર સાહિત્ય સમીક્ષાઓ લખે છે. |
| 9 | માહિતી સેવાઓમાં મૂલ્ય વર્ધિત માહિતી સેવાઓની શરૂઆત કરવા માટે ________ વિષયમાંથી પ્રેરણા પ્રાપ્ત થઇ.<br>(A) સંચાલન વિજ્ઞાન (B) માહિતી વિજ્ઞાન શાસ્ત્ર (C) નામા લેખન હિસાબી પદ્ધતિઓ (D) આંકડાશાસ્ત્ર |
| 10 | ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પ્રલેખન કેન્દ્રોનો વિકાસ ______ ને આભારી છે.<br>(A) યુનેસ્કોના કાર્યક્રમ (B) નિસાત કાર્યક્રમ<br>(C) ઇન્ફ્લીબનેટ (D) નેશનલ મિશન ઓન એજ્યુકેશન થ્રુ આઈ.સી.ટી |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

**અભ્યાસક્રમ** : બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ **(BLIS)**

**Numerical Code: 0003**

નોંધણી નંબર : _____

**પાઠયક્રમ** : માહિતી ટેકનોલૉજી : મૂળતત્વો **(BLIS-07)** **Numerical Code: 0092**

**તારીખ** : **16/07/2016**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના જવાબ આપો.
(2) બધાજ પ્રશ્નોના ગુણ સરખા છે.
(3) જરૂર પડયે આકૃત્તિ દોરવી જવાબની સામે યોગ્ય ક્રમાંક લખવો. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** ઈન્ટરનેટ એટલે શું? તે કેવી રીતે કાર્ય કરે છે. (12)

**અથવા**

ગ્રંથાલય અને માહિતી નેટવર્કના હેતુઓ જણાવો ઇન્ફલીબનેટના હેતુઓ જણાવી આ હેતુઓની પૂર્તિ માટે લેવાયેલા પગલાઓની નોંધ આપો.

**પ્રશ્ન-2** સ્વચાલિત ક્રમિક પ્રકાશન નિયંત્રણ સમજાવી તેના હેતુઓ અને કાર્યોની વિગતે ચર્ચા કરો. (12)

**અથવા**

કોમ્પ્યૂટર અને માહિતી ટેકનોલોજી આધારિત મહત્વપૂર્ણ માહિતી સેવાઓ દર્શાવી ઓનલાઈન શોધ સેવા અને તેની પ્રક્રિયા વર્ણવો.

**પ્રશ્ન-3** માહિતી ટેકનોલોજી એ ગ્રંથાલય અને માહિતી સેવાઓ ઉપર કેવી રીતે અસર કરેલ છે તે સમજાવી ગ્રંથાલય સંચાલિત પદ્ધતિમાં સૂચિકરણ પદ્ધતિનું વર્ણન કરો. (12)

**અથવા**

ગ્રંથાલયોમાં સૂક્ષ્મ કોમ્પ્યૂટર સોફ્ટવેર પેકેજીસ(Micro Computer Software Packages) ના ઉપયોગ માટે સ્વીકાર્ય પરિબળોની ચર્ચા કરો. CDS/ISIS પેકેજનો ગ્રંથાલયમાં ઉપયોગ કરવા માટે કરવાના કાર્યો વર્ણવો.

**પ્રશ્ન-4** માહિતી પ્રવહન માધ્યમ (Data Transmission) એટલે શું? જુદા જુદા પ્રવહન માધ્યમોની વિસ્તૃત ચર્ચા કરો. તેની પસંદગી કરવા માટેના નિર્ણાયક પરિબળોની ટૂંકમાં ચર્ચા કરો. (12)

**અથવા**

સિસ્ટમ સોફ્ટવેર અને એપ્લીકેશન સોફ્ટવેર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી ગ્રંથાલયોમાં સામાન્ય રીતે વાપરવામાં આવતા એપ્લીકેશન સોફ્ટવેરના પ્રકારો દર્શાવો.

**પ્રશ્ન-5** **ટૂંકનોંધ લખો (ગમે તે બે)** (12)

1. માહિતી ટેકનોલોજીનો વિકાસ
2. સંજય
3. CD-ROM નેટવર્ક
4. માહિતી પુનઃપ્રાપ્તિ પદ્ધતિ
5. સ્ત્રોત સામગ્રીની હિસ્સેદારી

**પ્રશ્ન-6 નીચે આપેલ પ્રશ્નો માટે આપેલ ઉત્તરમાંથી સાચો ઉત્તર પસંદ કરો.** **(10)**

1. ટ્રાન્ઝીસ્ટર એક સેમી કંડકટર છે. જે ______ના નાના ટૂકડા ઉપર જોડાયેલો હોય છે.
   (A) પેન-ડ્રાઈવ (B) હાર્ડ બોર્ડ (C) સીલીકોન (D) પ્લેટીનમ પ્લેટ
2. __________ એ એપ્લીકેશન સોફ્ટવેર નથી.
   (A) Libsoft (B) Tulips (C) MS WORD (D) Window XP
3. મોડેમ (Modem) શબ્દ નીચે પૈકી કયા વિકલ્પનું આરપાક્ષરી તરીકે વપરાય છે?
   (A) Modular for Internet Message
   (B) Modulator of Information Transformation
   (C) Modulator and Demodulator
   (D) Modulator of Internet Protocol
4. WORM ટેક્નલોજીનું પૂર્ણ નામ શું છે?
   (A) Write one read mony
   (B) Write once read mony
   (C) Write once read mony time
   (D) ઉપરના પૈકી એકપણ નહીં
5. સૂચિડેટાબેઝ (Catalogue Database) નીચેના પૈકી કઈ મર્યાદા ધરાવે છે?
   (A) માત્ર પ્રલેખના લેખકોની માહિતી પૂરી પડે છે
   (B) માત્ર બુલિયન સર્ચ દ્વારા માહિતી પ્રાપ્ત થાય છે
   (C) પ્રલેખની વિષયવસ્તુ મળતી નથી
   (D) માત્ર વિષયશીર્ષક દ્વારા જ માહિતી પુનઃપ્રાપ્તિ કરી શકાય છે
6. CALIBNET દ્વારા નીચેના પૈકી કયું સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું?
   (A) સાઉલ (Soul) (B) સંજય (C) એલીસ ફોર વિન્ડો (D) મૈત્રેયી
7. વેબ ઉપરના કોઈપણ મુક્ત પ્રલેખની પ્રાપ્તિ ઈન્ટરનેટ દ્વારા મેળવવા માટે નીચેના પૈકી કયો વિકલ્પ આવશ્યક છે?
   (A) URL સરનામું (B) ઈન્ટરનેટ પ્રોટોકોલ (C) IP એડ્રેસ (D) ગુગલ સર્ચ એન્જીન
8. કમ્પ્યૂટર આધારિત સૂચિકરણ પદ્ધતિમાં સૂચિકરણ મોડ્યુલના મુખ્ય કાર્ય નીચેના પૈકી કયું છે?
   (A) ડેટા એન્ટ્રી (B) ડાઉન લોડિંગ (C) ઓથોરીટી ફાઈલ (D) ઉપરોક્ત ત્રણેય
9. માહિતી પુનઃપ્રાપ્તિ પદ્ધતિસરમાં બુલિયન સર્ચ ઓપરેશન દ્વારા કોઈપણ બે કી-વર્ડ ધરાવતા પ્રલેખ શોધવા નીચેના પૈકી કયો વિકલ્પ દ્વારા શોધી શકાય?
   (A) NOT (B) OR (C) AND (D) AND અને NOT
10. ઇન્ફ્લીબનેટ માટે નીચે પૈકી કયું વિધાન સાચું છે?
   (A) તે NISSAT કાર્યક્રમ અન્વયે શરૂ થયેલ છે
   (B) તે UGC દ્વારા સ્થાપવામાં આવેલ છે
   (C) તે વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા સ્થાપવામાં આવેલ
   (D) તે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં સ્થાપવામાં આવેલ જે હવે ગાંધીનગર લઇ જવામાં આવેલ છે.